## મજુર અદાલત નં.૧, વડોદરાના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ

**રીવ્યુ અરજી નં. ૧૫/૨૦૨૫**
**આંક : ૭**

**પ્રથમ પક્ષકાર :** **SCHAEFFLER INDIA LTD**
Maneja, Vadodara.

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર :** **દિલીપભાઈ ઘનશ્યામભાઈ શર્મા**
રહે.ઉષા નિવાસ, કુંભારવાડા, મહાદેવ ખાંચો,
શીયાબાગ, વડોદરા.

**હાજર રહયા :**
**પ્રથમ પક્ષકાર તરફે** : વિ.યુ.પ્ર.શ્રી પિયુષ દણાંક
**બીજા પક્ષકાર તરફે** : વિ.વ.શ્રી પી.બી.શાહ

**:: એ વો ર્ડ ::**

(૧) સદર કામમાં બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે ૫૮ વર્ષે ખોટી અને ગેરકાયદેસર રીતે નિવૃત કરેલ હોઈ, પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવાની માંગણી મદદનીશ શ્રમ આયુકત, વડોદરા સમક્ષ કરેલ હતી જે ચાલી જતા વડોદરાના મે. મજુર અદાલત સમક્ષ સદર રેફરન્સ કેસ ઉપસ્થિત થયેલ હતો. આ રેફરન્સ ચાલી જતા, નામદાર કોર્ટે તા.૧૭/૧/૨૦૨૫ના રોજ ના મંજુર કરતો હુકમ કરેલ છે જેનાથી નારાજ થઈ બીજ પક્ષકારને રીવ્યુ અરજી કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ. આ રેફરન્સ કેસના કામે તા.૧૭/૧/૨૦૨૫ના હુકમને હવે પછીથી આ રીવ્યુ અરજીના કામે ''વાદગ્રસ્ત હુકમ'' તરીકે ઓળખવામાં આવશે.

**કારણો:-**

૧) નામદાર કોર્ટનો વાદગ્રસ્ત હુકમ તદ્દન ખોટો, અયોગ્ય, ગેરકાયદેસર, કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરુધ્ધનો અને ઓવરરૂલ થયેલ ઓથોરીટી ઉપર આધારીત હોઈ રદ થવાને પાત્ર હોઈ રદ થવો જોઈએ.

૨) નામદાર અદાલતે વાદગ્રસ્ત હુકમના પેરા–૧૧માં અમદાવાદ ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ રિસર્ચ વિરૂધ્ધ અટીરા એમ્પલોઈઝ યુનિયન, ૨૦૧૯ જે.એક્ષ.(ગુજ) ૧૦૪૮નુ જજમેન્ટનો આધાર લીધેલ છે તે જજમેન્ટ ઓવરરૂલ થઈ ગયેલ જજમેન્ટ છે કારણ કે સદર જજમેન્ટ ઉપર અટીરા એમ્પ્લોઈઝ યુનિયન ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં લેટર્સ પેટન્ટ અપીલ નં.૬૩/૨૦૨૦ દાખલ કરવામાં આવેલ હતી અને તે ચાલી જતા નામદાર ગુજરાત હાઈકોર્ટે તા.૭/૯/૨૦૨૦ના રોજ અટીરા એમ્પલોઈઝ યુનિયનની તરફેણમાં જજમેન્ટ આપેલ છ અને તે 2020 (0) AIJEL-HC 242294 ઉપર પ્રસિધ્ધ થયેલ છે જેની હેડનોટ નીચે મુજબ છે.

2020 (0) AIJEL-HC 242294 GUJARAT HIGH COURT Hon'ble Judges: Vikram Nath, A.J.Shastri Atira Employees Union Versus Ahmedabad Textile Industries Research Association Special Civil Application No. 1407 of 2006 ; Civil Application No. 1 of 2019 ; Letters Patent Appeal No. 63 of 2020 ; Decided on:- 07-09-2020 Acts and Rules Referred : INDUSTRIAL DISPUTES ACT, 1947 Section - 10(1) INDUSTRIAL EMPLOYMENT (STANDING ORDERS) ACT, 1946 BOMBAY INDUSTRIAL EMPLOYMENT (STANDING ORDERS) RULES, 1959 Service and Labour - Industrial Disputes Act, 1947 - S. 10(1) - Industrial Employment (Standing Orders) Act, 1946 - Bombay Industrial Employees Standing Rules, 1959 - Letters Patent Appeal - Clause 15 - age of retirement - fixation of age of retirement as 60 years for employees of Grade-I to VII (Scientific and Research staff) - fixation of age of retirement as 58 for other category of employees - provision of extension in the age of retirement - controversy with regard to age of retirement - reference to Tribunal - Ld. Tribunal determined age of retirement of employees in ATIRA at 60 years - challenged - duty of every establishment to draft the standing orders for regulating conditions of employment - model standing orders have a predominance in absence of certified standing orders - no dispute on the part of respondent/management as to application of Act of 1946 and provisions of model standing orders - standing orders could not be certified by the management under the Act as required - no settlement or agreement between both the sides with regard to the issue of age of retirement - application of clause 27 of Model Standing Orders of Schedule I under the Rules - clause 27 of Model standing

orders refers the age of retirement as 60 years - Management of ATIRA failed to draw up and framed the certified Standing Orders - in absence of certified standing orders, application of model standing orders - welfare of employees is the object of Act of 1946 - statutory force cannot be superseded by an agreement - case of Western India Match Co. Ltd (Supra) relied on - age of retirement mentioned in the Model Standing Order prevails over age of retirement mentioned on the appointment order - no illegality in the judgment of Tribunal in fixing age of retirement as 60 years by applying Model Standing Orders - judgment of Ld. Single Judge set aside - LPA allowed. Imp.Para:- 8, 9, 10, 11, 13, 14, 15

વધુમાં, ઓવરરૂલ થયેલ ઓથોરીટી ઉપર આધાર રાખીને નામદાર અદાલતે વાદગ્રસ્ત હુકમ કરેલ હોઈ, તેવો હુકમ કાયદા મુજબ માન્ય ગણી શકાય નહી અને તેથી સદરહુ વાદગ્રસ્ત હુકમ રદ કરી, રીવ્યુમાં લેવો જોઈએ. વધુમાં, બીજા પક્ષકારે રીવ્યુ અરજી દાખલ કરેલ હોઈ, આ સંબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટની ૧૯૯૯(૦) એ.આઈ.જે.ઈ.એલ.–એચ.સી. ૨૦૮૬૯૩ ન્યુ શોરોલ મીલ્સ લીમીટેડ વિરૂધ્ધ રમેશભાઈ આત્મારામ પટેલની ઓથોરીટી ઉપર આધાર રાખીએ છીએ જેની હેડનોટ નીચે મુજબ છે.

New Shorrock Mills Limited Versus Rameshbhai Atmaram Patel Civil Miscellaneous Petition No. 106 of 1998 ; Decided on:- 06-03-1999 Acts and Rules Referred : INDUSTRIAL DISPUTES ACT, 1947 Section - 17B CODE OF CIVIL PROCEDURE, 1908 Section - 114, Order - 47R.1 INDUSTRIAL DISPUTES ACT, 1947 - S. 17B CODE OF CIVIL PROCEDURE, 1908 - S. 114, Or. 47 R. 1 - award under Industrial Disputes Act - expression "full wages" under S. 17B - interpretation thereof - court held that full wages to be paid as if he is continuing in service - application for review - "full wages last drawn" must be given their pain and material meaning - principles analogous to provisions of review application would be attracted - in appropriate and fit case, in the larger interest of justice, the order can be altered modified or varied - application allowed.

નામદાર અદાલતે ધ્યાને લેવું જોઈએ કે, લેબર લો એ કામદારોના હીતોનું રક્ષણ કરતા કાયદા હોઈ, કામદારોના હીતથી બનાવેલ કાયદાથી ઉપરવટ જઈને કામદારના હીતને નુકશાન કરતો કોઈપણ

સમજુતી કે ઠરાવ કાયદા મુજબ માન્ય ગણી શકાય નહી અને તેથી આ સંજોગોમાં બીજા પક્ષકારની ૫૮ વર્ષની ઉંમરના ઓઠા હેઠળ ખોટી અને ગેરકાયદેસર છટણી કરેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે પુરવાર થતુ હોઈ આઈ.ડી.એટકની કલમ–૨૫(એફ) ફરજીયાત જોગવાઈનો ભંગ કરેલ હોવાનું પણ પ્રથમ દર્શનીય રીતે માનવાલાયક છે.

આમ, ઉપરોકત તમામ કારણોસર તેમજ રૂબરૂમાં કરવામાં આવનારી રજુઆતોને ધ્યાનમાં લઈ, વડોદરાના મે.મજુર અદાલતના જજશ્રી નારાયણ લાલ શર્માનાઓએ તા.૧૭/૧/૨૦૨૫ના રોજ રેફરન્સ (એલ.સી.વી. નં.૨૩/૨૦૨૩)ના મંજુર કરતો હુકમ રીવ્યુમાં લઈ રદ કરવા અને બીજા પક્ષકારનો રેફરન્સ મંજુર કરવા તથા અરજી ખર્ચ સામાવાળા પાસેથી વસુલ કરવા અરજ કરેલ છે. આ રેફરન્સ કેસનામ કામે નામદાર કોર્ટે તા.૧૭/૧/૨૦૨૫ના રોજ વાદગ્રસ્ત હુકમ કરેલ છે અને તેની પ્રસિધ્ધી તા.૨/૪/૨૦૨૫ના રોજ કરતા બીજા પક્ષકારને તેની પ્રસિધ્ધી સહીતની સર્ટીફાઈડ નકલ તા.૩/૫/૨૦૨૫ના રોજ મળેલ હોઈ, આ રીવ્યુ અરજી સમયમર્યાદામાં દાખલ કરેલ છે.

(૨) અરજદારની અરજી સંદર્ભે સામાવાળાને નોટીસ કાઢવામાં આવતા સામાવાળા તેમના વિ.યુ.પ્ર.શ્રી મારફતે હાજર થયેલ આંક–૬ જવાબ રજુ કરેલ છે જેની ટુંકી વિગત એવી છે કે, અરજદારને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ–૧૯૪૭માંથી ઉદભવતા હાલની રીવ્યુ અરજી દાખલ કરવાનો કોઈ કાનુની અધિકાર નથી કારણ કે કાયદામાં આવી કોઈ જોગવાઈ નથી અને કોર્ટ કોઈપણ વિષય પર આગળ વધી શકતી નથી. જે કાયદાની જોગવાઈઓ એટલે કે આઈ.ડી. અધિનિયમની અંદર ન હોય. વધુમાં તેમને કપરા મજદુર એકતા વિરુધ્ધ મેનેજર ઓફ બીરલા કોટનનો ૨૦૦૫ ૨ એલએલજે પાના નં.૨૭૧માં પ્રસિધ્ધ થયેલા નામદાર એપેક્ષ કોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કરી જણાવેલ છે કે, રીવ્યુની જોગવાઈની ગેરહાજરીમાં ઔદ્યોગિક અદાલત પાસે રીવ્યુ અરજીનો નિર્ણય લેવાની કોઈ સત્તા નથી. નામદાર કોર્ટે નીચે મુજબ ઠરાવેલ છે કે, It was, therefore, submitted before us relying upon Grindlays Bank Ltd. V/s. Central Government Industrial Tribunal and others (supra) that even in the absence of an express power of review, the Tribunal had the power to

review its order if some illegality was pointed out. The submission must be rejected as misconceived. The submission does not take notice of the difference between a procedural review and a review on merits. This Court in Grindlays Bank Ltd. V/s. Central Government Industrial Tribunal and others (supra) clearly highlighted this distinction when it observed-. "Furthermore, different considerations arise on review. The expression "review' is used in the two distinct senses, namely (1) a procedural review which is either inherent or implied in a court or Tribunal to set aside a palpably erroneous order passed under a mis-apprehension by it, and (2) a review on merits when the error sought to be corrected is one of law and is apparent on the face of the record. It is in the latter sense that the court in Patel Narshi Thakershi case held that no review lies on merits unless a statute specifically provides for it. Obviously when a review is sought due to a procedural defect, the inadvertent error committed by the Tribunal must be corrected ex debita justitiae to prevent the abuse of its process, and such power inheres in every court or Tribunal" .

Applying these principles it is apparent that where a Court or quasi judicial authority having jurisdiction to adjudicate on merit proceeds to do so, its Judgement or order can be reviewed on merit only if the Court or the quasi judicial authority is vested with power of review by express provision or by necessary implication. The procedural review belongs to a different category. In such a review, the Court or quasi judicial authority having jurisdiction to adjudicate proceeds to do so, but in doing so commits a procedural illegality which goes to the root of the matter and invalidates the proceeding itself, and consequently the order passed therein. Cases where a decision is rendered by the Court or quasi judicial authority without notice to the opposite party or under a mistaken impression that the notice had been served upon the opposite party, or where a matter is taken up for hearing and decision on a date other than the date fixed for its hearing, are some illustrative cases in which the power of procedural review may be invoked. In such a case the party seeking review or recall of the order does not have to substantiate the ground that the order passed suffers from an error apparent on the face of the record or any other ground which may justify a review. He has to establish that the procedure followed by the Court or the quasi judicial authority suffered from such illegality that it vitiated the proceeding and invalidated the order made therein,

inasmuch the opposite party concerned was not heard for no fault of his, or that the matter was heard and decided on a date other than the one fixed for hearing of the matter which he could not attend for no fault of his. In such cases, therefore, the matter has to be re-heard in accordance with law without going into the merit of the order passed. The order passed is liable to be recalled and reviewed not because it is found to be erroneous, but because it was passed in a proceeding which was itself vitiated by an error of procedure or mistake which went to the root of the matter and invalidated the entire proceeding. In Grindlays Bank Ltd. V/s. Central Government Industrial Tribunal and others (supra), it was held that once it is established that the respondents were prevented from appearing at the hearing due to sufficient cause, it followed that the matter must be re-heard and decided again.

વધુમાં, જણાવેલ છે કે, એકવાર માનનીય સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યુ કે, ઔદ્યોગિક અદાલત પાસે આદેશની સમિક્ષા કરવાની કોઈ સત્તા નથી તો અરજી પોતે જ કાયદેસર રીતે જાળવી શકાતી નથી. વધુમાં, જણાવેલ છે કે, આઈ.ડી.એકટ–૧૯૪૭ અને તેના હેઠળ રચાયેલા ગુજરાત નિયમોની જોગવાઈઓ અનુસાર રીવ્યુ માટે કોઈ જોગવાઈઓ નથી અને વધુમાં, સી.પી.સી.–૧૯૦૮ની જોગવાઈઓ તેમની સંપૂર્ણતામાં લાગુ પડતી નથી. તેમને એવી રજુઆત કરેલી છે કે, તે જ કંપની માટે રેફરન્સ આઈ.ટી. નં.પર૫/૨૦૧૩નો ઔદ્યોગિક ટ્રીબ્યુનલ વડોદરા ખાતે રીવ્યુ અરજી દાખલ કરવામાં આવી હતી અને તા.૧૮/૪/૨૦૨૪ના આદેશ ધ્વારા માનનીય ઔદ્યોગિક ટીબ્યુનલ, વડોદરા ધ્વારા ઉપરોકત રીવ્યુ અરજીને નકારી કાઢવામાં આવી હતી. જે હુકમના પેરા ૬માં માનનીય કોર્ટે અવલોકન કરેલ છે કે, નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા કપરા મજદુર એકતા યુનિયન વિ. મેનેજમેન્ટ ઓફ બિરલા કોટન એન્ડ સ્પીનીંગ એન્ડ વિવિન્ગ મીલ્સ તથા બીજાઓ (૨૦૦૫ (૨) એલએલજે ૨૭૧) ના કામે ઠરાવેલ છે કે, જો કાયદાકીય જોગવાઈઓમાં સ્પષ્ટપણે ઠરાવેલ હોય તેવા સંજોગોમાં જ ઔદ્યોગિક ન્યાયપંચને તેમના અગાઉના ચુકાદામાં રીવ્યુ કરવાની સત્તા છે. નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા પ્રસ્થાપિત કાયદાના સિધ્ધાંતો હું હાલના કામે આદરપુર્વક અનુસરુ છું. નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ચુકાદાના પેરા ૨૧માં નીચે મુજબ ઠરાવેલ છે.

**<u>પેરા નં.૨૧</u>** The facts of the instant case are quite different. The recall of the award of the Tribunal was sought not on the ground that in passing the award the Tribunal had committed any procedural illegality or mistake of the nature which vitiated the proceeding itself and consequently the award but on the ground that some matters which ought to have been considered by the Tribunal were not duly considered. Apparently, the recall or review sought was not a procedural review, but a review on merits, such review was not permissible in the absence of a provisions in the Act conferring the power of review on the Tribunal either expressing or by necessary implication.'' નામદાર ઓરીસ્સા વડી અદાલત દ્વારા મેનેજમેન્ટ ઓફ સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડીયા લીમીટેડ રૂરકેલા વી પ્રેસાઈડીંગ ઓફીસર ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ નાએ બીજા (૨૦૧૭ (૧) એલ એલ જે ૪૮૦) ના કામે પેરા ૧૪માં ઠરાવેલ છે કે, There is no dispute about the fact that review/revisiion is the creation of statute, unless provided, it cannot be exercised. Accordingly, the Tribunal has committed no error in rejectiong the application." નામદાર સર્વોચ્ચ અદાલત તથા ના.ઓરીસ્સા વડી અદાલત દ્વારા પ્રસ્થાપિત કાયદાના સિધ્ધાંતો હાલના કામની હકીકતોમાં લાગુ કરી શકાતા હોઈ હું આદારપુર્વક અનુસારું છું. આઈ.ડી.એકટમાં ઔદ્યોગિક ન્યાયપંચને ચુકાદામાં રીવ્યુ કરવાની હકુમત નથી.

We submit that Rule 28 of ID Gujarat Rules specifies the powers of labour courts and, as per these specific rules, confers provisions of CPC which are applicable to labour courts, and the application of Review as specified under CPC does not apply to labour courts.

We submit that under this application, the applicant under the disguise of Review has claimed to set aside the award passed in Reference and also made a prayer to grant the reference vide para 3 of the application, which is erroneous and illegal claim as if the applicant has any grievance against the award passed on merits then the remedy is not review but challenging it before Hon'ble High court under Article 226 and 227. The Hon'ble labour Court cannot conduct fresh case or contradict its earlier decision under the guise of review.

We further submit that if Hon'ble Labour Court, under this application, sets aside the award passed, then the hon'ble court will be assuming the powers confirmed to the Hon'ble High Court under Articles 226 and 227, which is not within the jurisdiction and powers of Hon'ble Labour Court.

Without prejudice to aforesaid legal matrix and In absence of power of hon'ble labour court to review its own order/award we submit that applicant has relied on Judgement of New Shorrek Mills and in respect to that judgement we submit that judgement was pertaining to Sec 17 B of ID Act which is the subject matter of Hon'ble High Court as the application of Sec 17 B occurs only after the order passed by Hon'ble High Court, whereas, the present application to review of entire award on merits and thus, this judgment has no application in the present case and the Apex court judgement on the subject will prevail.

We submit that the hon'ble court is empowered by the express provisions that are enumerated in the ID Act and Rules and Review is not within the express powers of the hon'ble court nor enumerated under the express provisions of ID Act, 1947 or within the ID (Gujarat) Rules and hence, the application be rejected on a want of jurisdiction of the hon'ble court.

(૩) આ કામે અરજીની હકીકત તેમજ આંક–૬ થી રજુ જવાબની હકીકત ધ્યાને લીધી તેમજ બંને પક્ષકારો તરફે થયેલ દલીલ ધ્યાને લીધી. આ કામે અરજી કરનાર બીજા પક્ષકાર તરફે તેમના વિ.વ.શ્રીએ રજુઆતમાં મુખ્યત્વે અરજીના પેરા ૨/૩માં જણાવેલ ન્યુ સોરોલ્સ મીલ્સ લી. વિ. રમેશભાઈ આત્મારામ પટેલની ઓથોરીટી પર આધાર રાખી અને જણાવેલ છે કે, ન્યાયના હીતમાં એવોર્ડને Modified or Varied કરી શકાય છે તેમજ અમદાવાદ ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ રીસર્ચ વિ. અટીરા એમ્પલોઈઝ યુનિયનના જજમેન્ટનો નામદાર અદાલતે વાદગ્રસ્ત હુકમના પેરા ૧૧માં આધાર લીધેલો છે તે જજમેન્ટ ઓવરરૂલ થઈ ગયેલ છે. જેથી વાદગ્રસ્ત હુકમને રીવ્યુમાં લઈ રદ કરવા અને બીજા પક્ષકારનો રેફરન્સ (એલ.સી.વી.) નં.૨૩/૨૦૨૩ મંજુર કરવા હુકમ કરવા જણાવેલ

છે. સામાવાળા તરફે ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ્સ(ગુજરાત) રૂલ્સ–૧૯૬૬ના રૂલ–૨૮ અને ૩૧ તરફ ધ્યાન દોરેલ છે. પરંતુ કાયદાનો હેતુ ''ન્યાય'' આપવાનો હોય છે. જેથી ન્યાયના હીતમાં હાલની અરજી મંજુર કરવા નમ્ર અરજ કરેલ છે. જયારે સામાવાળા તરફે દલીલમાં મુખ્યત્વે આંક–૬ થી રજુ જવાબની હકીકત ધ્યાને લેવા અને ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ્સ એકટમાં આવી કોઈ જોગવાઈ ન હોય અરજી રદ કરવા નમ્ર અરજ કરેલ છે. જેથી પડેલ અરજીની હકીકત અને રજુ જવાબની હકીકત તેમજ થયેલ રજુઆત ધ્યાને લેતાં, બીજા પક્ષકાર અરજદારે સી.પી.સી. કલમ–૧૧૪ મુજબની રીવ્યુ અરજી દાખલ કરેલ છે અને અરજીમાં વડોદરાના મે.મજુર અદાલતના જજશ્રી નારાયણલાલ શર્માનાઓએ તા.૧૭/૧/૨૦૨૫ના રોજ રેફરન્સ(એલ.સી.વી.) નં. ૨૩/૨૦૨૩ના મંજુર કરતો હુકમ રીવ્યુમાં લઈ રદ કરવા અને બીજા પક્ષકારનો રેફરન્સ મંજુર કરવા હુકમ કરવાની દાદ માંગેલ છે. વધુમાં, તેમને જણાવેલ છે કે, વાદગ્રસ્ત હુકમ તેની પ્રસિધ્ધી તા.૨/૪/૨૦૨૫ના રોજ કરતા અમો બીજા પક્ષકારને તેની પ્રસિધ્ધી સહીતની સર્ટીફાઈડ નકલ તા.૩/૫/૨૦૨૫ના રોજ મળેલ હોય રીવ્યુ અરજી સમયમર્યાદામાં દાખલ કરેલાનું જણાવેલ છે. જો કે સમયમર્યાદા બાબતે સામાવાળા તરફે કોઈ તકરાર આ કામે લેવામાં આવેલ નથી તે નોંધનીય છે.

(૪) વધુમાં, જોઈએ તો, આ કામે સામાવાળા તરફે ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ્સ(ગુજરાત) રૂલ્સ–૧૯૬૬ના રૂલ–૨૮ તરફ ધ્યાન દોરેલ છે અને તેમાં શ્રમ અદાલતનો સત્તાઓનો ઉલ્લેખ કરવામાં આવેલો છે અને આ ચોકકસ નિયમ અનુસાર શ્રમ અદાલતોને લાગુ પડતી સી.પી.સી.ની જોગવાઈઓ આપવામાં આવી છે અને સી.પી.સી. હેઠળ ઉલ્લેખિત રીવ્યુની અરજી શ્રમ અદાલતોને લાગુ પડતી નથી તેવું જણાવેલ છે. વધુમાં, જણાવેલ છે કે, રીવ્યુ હેઠળ અરજદારે રેફરન્સના કામે પસાર કરાયેલા ચુકાદાને રદ કરવાનો દાવો કરેલો છે. પરંતુ ગુણવત્તાના આધારે આપવામાં આવેલા એવોર્ડ સામે કોઈ ફરીયાદ હોય તો તેનો ઉપાય રીવ્યુ નહી પણ તેને નામદાર હાઈકોર્ટ સમક્ષ આર્ટીકલ ૨૨૬ અને ૨૨૭ હેઠળ પડકારવાનો છે. જે સામાવાળાની રજુઆત સામે કોઈ કાઉન્ટર જવાબ આ કામે અરજદાર તરફે રજુ થયેલ નથી તે નોંધનીય છે. વધુમાં, આ કામે અરજદારે સી.પી.સી.ની

કલમ–૧૧૪ મુજબની રીવ્યુ અરજી કરેલાનું જણાવેલ છે અને ન્યુ સોરોલ મીલ્સ લી. વિ. રમેશભાઈ આત્મારામ પટેલની ઓથોરીટી પર આધાર રાખતા હોવાનું જણાવેલ છે. સામાવાળા તરફેની રજુઆત મુજબ સદર જજમેન્ટ કે ચુકાદો ધ્યાને લેવામાં આવે તો તે આઈ.ડી.એકટની કલમ–૧૭(બી)ને લગતો હતો જે માનનીય હાઈકોર્ટનો વિષય છે કારણ કે કલમ–૧૭(બી)નો ઉપયોગ માનનીય હાઈકોર્ટ ધ્વારા પસાર કરાયેલા આદેશ પછી જ થાય છે. જયારે હાલની અરજી ગુણવત્તાના આધારે અપાયેલ સમગ્ર એવોર્ડની સમિક્ષા માટેની છે. જેથી આ ચુકાદો હાલના કેસમાં કોઈ ઉપયોગ થતો નથી. હાલની અરજીમાં જણાવેલ હકીકત તેમજ સદર જજમેન્ટની હકીકત અને સંજોગો ધ્યાને લેવામાં આવે તો તે બંનેની હકીકત અને સંજોગો અલગ છે. હાલના કેસમાં અરજદારે કામદારોના હીતથી બનાવેલ કાયદાથી ઉપરવટ જઈને કામદારના હીતને નુકશાન કરતો કોઈ પણ સમજુતી કે ઠરાવ કાયદા મુજબ માન્ય ગણી શકાય નહી. તેથી આ સંજોગોમાં બીજા પક્ષકારની ૫૮ વર્ષની ઉંમરના ઓઠા હેઠળ ખોટી અને ગેરકાયદેસર છટણી કરેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે પુરવાર થતું હોય, આઈ.ડી.એકટની કલમ–૨૫(એફ) ફરજીયાત જોગવાઈનો ભંગ કરેલ હોવાનું પણ પ્રથમ દર્શનીય રીતે માનવા લાયક છે તેમ જણાવેલ છે જે હકીકતોનો નિર્ણય હાલની રીવ્યુ અરજીમાં કરી શકાય તેમ નથી તેમ માનવું ન્યાયોચિત જણાય છે ઉપરોકત ચર્ચા અનુસાર અને થયેલ રજુઆતો ધ્યાને લેતાં રેફરન્સ (એલ.સી.વી.)નં.૨૩/૨૦૨૩ ના કામે કરવામાં આવેલ એવોર્ડમાં કોઈ ટાઈપોગ્રાફીકલ કે રેકર્ડ ઉપરનું આંકડાકીય ભુલ નથી. ઔધોગીક વિવાદ નિયમોના નિયમ–૩૧ ની જોગવાઈ ધ્યાને લેતાં, હુકમમાં થવા પામેલ કોઈ આંકડાકીય ભુલ કે ટાઈપોગ્રાફીકલ ભુલ સુધારવા અંગેની જોગવાઈ છે. આ કામે હુકમમાં કોઈ આંકડાકીય કે ટાઈપોગ્રાફીકલ ભુલ નથી. જેથી હાલની રીવ્યુ અરજીમાં રીવ્યુ કરવા જણાવેલ હુકમમાં અત્રેની અદાલતને ફેરફાર કે સુધારો કરવા સત્તા,અધિકાર અને હકુમત રહેતી નથી. જેથી હાલની અરજી નામંજુર કરવી ન્યાયોચિત જણાય છે.

## **-:: હુકમ ::-**

અરજદારની હાલની રીવ્યુ અરજી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૦/૧૧/૨૦૨૫ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવે છે.

(જયોતિબેન માધવલાલ ચૌહાણ)
પ્રિસાઈડીંગ ઓફીસર
મજુર અદાલત (નં.૧), વડોદરા.
યુઆઈસી નં. જી.જે.૦૦૭૨૮

તારીખ : ૧૦/૧૧/૨૦૨૫
સ્થળ : વડોદરા.
જે.એમ.ગાંધી